# ગંદા પાણીથી બનાવાતી ચીક્કી ધાનેરાની પ્રજા માટે જીવલેણ બને તો નવાઈ નહિ

## ધાનેરામાં કોની મહેરબાનીથી ચાલે છે આ ચીક્કી બનાવની ફેક્ટરી ?

ધાનેરા માં એક એવી ચીક્કી બનાવાની ફેક્ટર ચાલી રહી છે...કે જો તમે તે જગ્યા પર જાઓ ને તો



તમારું માથું પણ દુર્ગંધ થી ફાટી જાય. ગંદકી વચ્ચે અને ગંદા પાણી થી બનાવાતી ચીક્કી ધાનેરા ના લોકો માટે જીવલેણ બને તો નવાઈ નહિ.

ધાનેરા ડીસા હાઈવે ઉપર મામા બાપજીના મંદિર નજીક કૃષ્ણા ટ્રેડિંગ નામની દુકાન પાછળ ચાલતી ચીક્કી બનાવની ફેકટરી જોઈ તમે પણ ચોંકી જશો અને આ ચીક્કી ખાતા પહેલા સો વાર વિચાર કરશો. ગંદુ પાણી....ગંદા વાસણો સડેલી સિંગ આ બધી જ સામગ્રી ભેગી કરી અહીં આગળ ચીક્કી બનાવની ફેકટરી ચાલી રહી છે લોકો દ્વારા અમારી ટિમને રજુઆત કરતા અમારી ટિમ પણ આ ફેકટરીમાં ગઈ હતી અને અને ફેકટરીમાં જઈ જોયું તો અમારી આંખો પણ પહોળી થઈ ગઈ. ત્યાં અમને જોવા મળ્યું તો ગંદા વાસણો ગંદુ પાણી અને ત્યાં એક બેરલ પડ્યું હતું તે બેરલ ખોલ્યું તેમાંથી એટલી દુર્ગંધ આવતી હતી કે માથું ફાટી જાય. ફેકટરીમાંથી એક વ્યક્તિને બોલાવી પૂછ્યું કે આ શું



છે તો તેને જણાવ્યું કે આ મકાઈનું પાણી છે અને તેના દ્વારા જ આ ચીક્કી બનાવમાં આવે છે આગળ જઈ જોયું તો એક કટ્ટુ પડ્યું હતું અને તેમાં પડી હતી સડેલી સિંગ. સિંગનો પણ ઉપયોગ ચીક્કી બનાવમાં જ આ વ્યક્તિઓ કરતા હતા. સમગ્ર બાબતે ફેકટરી ચલાવત વ્યક્તિને પૂછપરછ કરતા તે લાજવાના બદલે ગાજવા માંડ્યો હતો. સાંભળો તમે પણ આ ફેકટરી ચલાવનાર શું કહે છે આ ફેકટરીમાં ગુજરાત રાજ્ય સિવાય અન્ય રાજ્યના વ્યક્તિઓ પણ કામ કરે છે ત્યારે ફેકટરી ચલાવનાર કહે છે કે અમે તમામ બાબતની તંત્ર પાસેથી મંજૂરી લીધેલી છે ત્યારે તંત્રએ આવી મંજૂરી કેવી રીતે આપી તે એક મોટો સવાલ છે કે પછી ફેકટરી ચલાવનાર જુઠ્ઠું બોલે છે. આ ચીક્કી ખાવાથી ધાનેરામાં મોટો રોગચાળો ફાટી નીકળે અને મોટી જાનહાની સર્જાય તો પણ કોઈ નવાઈની વાત કહેવાતી નથી. માટે ધાનેરા સહિત બનાસકાંઠા જિલ્લાનું તંત્ર તાત્કાલિક જાગે અને આ ફેકટરી ચલાવનાર અને લોકોના આરોગ્ય સાથે ચેડાં કરનાર મહેશ્વરીને પાઠ ભણાવે તેવી લોક માંગ ઉઠવા પામી છે.

# અરવલ્લી જિલ્લા એઆરટીઓ કચેરીમાં ગ્રાહકો માટે પગથિયાં બનાવ્યા

અરવલ્લી, તા. ૨૭

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના બાયપાસ રોડ પર જીઆઈડીસીની બાજુમાં કરોડો રૂપિયાના ખર્ચે બનાવેલ એઆરટીઓ કચેરીમાં HSRP નંબર પ્લેટ વાહનોમાં નંખાવવા અને બદલાવવા માટે આવતા વાહનચાલકોની કામગીરી માટે રાખવામાં આવેલ બારી જમીનથી ઘણે ઉંચે હોય અરજદારોએ બારી સુધી પહોંચવા ઈંટો અને માટીની થેલીના સહારે જીવના જોખમે લટકી કાર્યવાહી કરવી પડતી હોવાથી જાગૃત નાગરિકે ગાંધીનગર સમાચારના પ્રતિનિધિનો સંપર્ક કરતા તેમની સમસ્યા અંગેના અહેવાલ ગાંધીનગર સમાચારમાં પ્રકાશિત થતા એઆરટીઓ કચેરીના અધિકારીઓ હરકતમાં આવી પગથિયાં બનાવતા વાહનચાલકોમાં ભારે આનંદ છવાયો હતો.

મોડાસા શહેરના બાયપાસ રોડ પર જીલ્લા સેવાસદન કચેરી નજીક કરોડોના ખર્ચે નવનિર્માણ એઆરટીઓ કચેરીમાં અધિકારીઓ અને કર્મચારીઓ માટે અત્યાધુનિક ઓફિસો અને કચેરીનું નિર્માણ કરવામાં આવ્યું હતું. પરંતુ જીલ્લાના પ્રજાજનો અને વાહનચાલકો માટે પાયાગત સુવિધાઓ આપવામાં નિષ્ફળ રહ્યા હોય તેવું જીલ્લાના લોકો અહેસાસ અનુભવી રહ્યા છે. રાજ્ય સરકારે HSRP નંબર પ્લેટ ફરજીયાત કરતા એઆરટીઓ કચેરીમાં અરજદારોનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે HSRP નંબર પ્લેટ લગાવાની કાર્યવાહી માટે કચેરી દ્વારા રાખવામાં આવેલી બારીની ઉંચાઈ વધુ હોવાના પગલે વાહનચાલકો બારી સુધી પહોંચવા ઈંટો અને માટીની થેલીઓના સહારે જીવન જોખમે લટકી કામગીરી કરવામાં આવતી હોવાથી ગંભીર ઈજાઓ અને જીવનું જોખમ ઉભું થતા રાજદારોમાં ભારે રોષ ફેલાયો હતો અને સુવિધા ઉભી કરવાની માંગ કરવા છતાં આંખ આડે કાન કરાતા આ અંગેનો અહેવાલ ગાંધીનગર



સમાચારમાં પ્રસિદ્ધ થતા જવાબદાર તંત્રએ HSRP નંબરપ્લેટની કામગીરી માટે રખાયેલ બારી માટે પહોંચવા પગથિયાં બનાવતા જીલ્લાના લોકોમાં આનંદ છવાયો હતો.

# એનએસઆઈસી લિમિટેડના સીએસઆર હેઠળ દિવ્યાંગ લોકોને સાધન સહાય

ગાંધીનગર, તા. ૨૬

અંધજન મંડળ અપંગ લોકો માટે છેલ્લા ચાર દાયકાથી તેમના કૌશલ્ય વિકાસ માટે કામ કરી રહ્યું છે અને અપંગ લોકો માટે અનુકરણીય કુશળતાના વિકાસના અભ્યાસક્રમો ચલાવે છે. આ અભ્યાસક્રમો ગુજરાત સરકાર દ્વારા માન્ય છે. અંધજન મંડળ ગ્રામ્ય વિસ્તારોમાં રહેતાં વિકલાંગ લોકો માટે સમુદાય આધારિત પુનર્વસવાટ કાર્યક્રમ પણ ચલાવે છે. આ પ્રોજેક્ટના અમલીકરણ દરમિયાન, એવું જણાયું હતું કે અપંગ મહિલાઓએ દ્વિ ભેદભાવનો સામનો કરવો પડ્યો હતો અને સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માટે પૂરતી તક આપવામાં આવી ન હતી. સીબીઆર પ્રોગ્રામ માટે આ એક પડકાર બની રહ્યો છે. જ્યાં અપંગતા ધરાવતી સ્ત્રીઓ ભાગ લઈ શકે છે અને જીવંત જીવન જીવી શકે છે. તેમને બધાને સશક્તિકરણ કરવા માટે, તે જરૂરી છે કે તેઓ તેમની પોતાની આજીવિકા કમાણી કરે અને તેમને સ્થાનિક બજારમાં કમાવવા માટે એક વ્યક્તિમાં આવશ્યક વિવિધ કુશળતા પૂરા પાડવા.

# ઘર કંકાસમાં પત્નીની હત્યા બાદ પતિની આત્મહત્યા

ભિલોડા, તા.૨૭

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના જેસીંગપુરમાં ઘર કંકાશમાં પતિએ પત્નીની હત્યા કરી પતિએ આત્મહત્યા કરતાં ચકચાર મચી જવા પામી છે.ભિલોડા પંથકમાં ટોક ઓફ ધ ટાઉન બનેલી ઘટના.જેસીંગપુર ગામમાં સીમવિસ્તારમાં ખેતરમાં ઘર બનાવી રહેતા હતા પરંતુ દાંપત્યજીવનના નાના-મોટા ઝઘડા વચ્ચે ઉભી થયેલ પરીસ્થિતીમાં પતિ-પત્નીનું મોત નિપજતાં ઘટનાસ્થળે સગાં-સબંધીઓએ રોકકળ મચાવી દીધી હતી.

ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.આઈ. એમ. આર. સંગાડાના જણાવ્યા મુજબ જેસીંગપુર ગામમાં કિરીટભાઈ સળુભાઈ નિનામા ઉંમર વર્ષ-૩૦ અને સોનીયાબેન કિરીટભાઈ નિનામા ઉંમર વર્ષ-૨૮ છે. નવદંપતીના પોણા ત્રણ વર્ષના લગ્ન જીવન દરમ્યાન ઘરમાં ઘર કંકાશ બાબતે ગત રાત્રે પતિએ પત્નીની હત્યા કરી પતિએ પોતાની જાતે દોરડા વડે માલડા ઉપર લટકી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી.

જેસીંગપુર ગામના કિરીટભાઈ નિનામાએ પોણા ત્રણ વર્ષ પહેલાં લગ્ન કર્યા હતા. દાંપત્યજીવનની શરૂઆત કરી હતી પરંતુ વારંવાર ઘર કંકાશ બાબતે પતિએ પત્નીની હત્યા કરી પોતાની જાતે આત્મહત્યા કરી લેતાં પતિ-પત્નીના અકાળે અવસાન થતાં ઘર કંકાશમાં બે જીંદગીઓ હોમાઈ ગઈ હતી.

જેસીંગપુરમાં પતિ-પત્નીના મૃતદેહો જોઈ ગ્રામજનો ઘરની અંદરના દ્રશ્યો જોઈ આશ્ચર્યચકિત થઈ ગયા હતા ત્યારે ઘટનાસ્થળે લોકોના ટોળે-ટોળા એકત્રીત થઈ જતાં ભિલોડા પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવતાં પોલીસ કાફલો જેસીંગપુર ઘટનાસ્થળે તાબડતોબ આવી પહોંચ્યો હતો. પોલીસએ સગાં-સબંધીઓને પુછપરછ હાથ ધરતાં આ બંન્ને નવદંપતીઓ અવારનવાર ઝઘડા કરતા હતા. પોલીસએ નવદંપતીના મૃતદેહો પી.એમ.અર્થે કોટેઝ હોસ્પિટલમાં મોકલાવ્યા હતા.ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.આઈ. એમ. આર. સંગાડા જેસીંગપુરમાં પતિએ પત્નીની હત્યા કરી પતિએ આત્મહત્યાના બનાવ સંદર્ભે વધુ તપાસ ચલાવી હત્યા છે.

# મહેસાણા પાસે જીપની ટક્કરમાં એક્ટીવા સવાર એકનું કરૂણ મોત

ઊંઝા, તા. ૨૭

મહેસાણા નજીક બાયપાસ રોડ પર એક્ટીવા પર જઈ રહેલ દંતાણી પરિવારને અજાણ્યા જીપચાલકે ટક્કર મારતાં દંતાણી પરિવારના એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું. જ્યારે પરિવારના અન્ય ત્રણ જણાઓને નાની મોટી ઈજાઓ થઈ હતી.

વિગત એવી છે કે પાટણ જિલ્લાના હારીજ તાલુકાના બૂડા ગામનું એક દંતાણી પરિવાર છેલ્લા કેટલાક સમયથી મજૂરીકામે અર્થે ઊંઝા તાલુકાના ઉનાવા ગામે રહે છે. આ પરિવારના કમલેશ વરેશીભાઈ દંતાણી તેમના ધર્મપત્નિ ગૌરીબેન અને બે સંતાનો સાથે એક્ટીવા પર બેચરાજી તાલુકાના ગોકુળપુરા ગામે દશામાતા મંદિરે દર્શન કરવા માટે જવા નીકળ્યા હતા. ત્યારે માર્ગમાં મહેસાણા બાયપાસ હાઈવે પર પોલોદર બ્રિજ પર સામેથી પુરઝડપે આવી રહેલ અજાણી જીપકારે એક્ટીવાને અડફેટે લેતાં એક્ટીવા ચાલક કમલેશ દંતાણીનું ઘટનાસ્થળ પર જ કરૂણ મોત નિપજ્યું હતું. જ્યારે તેમના ધર્મપત્નિ અને બે સંતાનોને નાની મોટી ઈજાઓ થઈ હતી. ઈજાગ્રસ્તોને સારવાર માટે મહેસાણા સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. આમ એક શ્રમિક પરિવારના મોભાના આકસ્મિક મોતથી પરિવાર નિરાધાર બન્યો છે. આ બનાવ અંગે મહેસાણા તાલુકા પોલીસે અજાણ્યા જીપચાલક વિરૂદ્ધ અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# શ્રી અડાઆઠમ મેવાડા સુથાર સમાજનો સમૂહ લગ્નોત્સવ યોજાયો

મોડાસા, તા. ૨૭

સમગ્ર ગુજરાતમાં વસતા અડાઆઠમ મેવાડા સુથાર સમાજનો



૨૧મો સમુહ લગ્નોત્સવ મોડાસા નજીક રાજેન્દ્રનગરમાં યોજાઈ ગયો જેમાં ૭ નવદંપતિએ પ્રભુતામાં પગલાં પાડ્યા હતા જ્યારે ૩ જેટલી યજ્ઞોપવિત પણ દેવામાં આવી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં જ્ઞાતિજનો ઉમટી પડ્યા હતા.

સમગ્ર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા, અમદાવાદ સહિત વિવિધ વિસ્તારોમાં પોતાના કામધંધાર્થે સ્થાયી થયેલા અડાઆઠમ મેવાડા સુથાર સમાજના ઘેર ઘેર થતાં લગ્નોના ખર્ચા અટકે તે માટે એકજ છત્રછાયા હેઠળ ઓછા ખર્ચમાં લગ્નોનું આયોજન થાય તેવા શુભ આશયથી સમાજ દ્વારા છેલ્લા ૨૦ વર્ષથી સમુહ લગ્નોત્સવનું આયોજન થયું હતું.

ચાલુ સાલે ૨૧મો સમુહ લગ્નોત્સવ મોડાસા નજીક રાજેન્દ્રનગરમાં તાજેતરમાં યોજાઈ ગયો. આ પ્રસંગે સમુહ લગ્નોત્સવ સમિતિના પ્રમુખ, જશુભાઈ સુથાર (સિનીયર મેનેજર, દેનાબેંક, નાસિક) તથા મંત્રી કનુભાઈ સુથાર (અમદાવાદ)ના સાનિધ્યમાં ૭ જેટલા નવદંપતિઓએ પ્રભુતામાં પગલાં પાડ્યા હતા અને ૩ જેટલી યજ્ઞોપવિત આપવામાં આવી હતી.

આ પ્રસંગે બોલતા સમિતિના પ્રમુખ જશુભાઈ સુથારે જણાવ્યું કે સમાજ દ્વારા જ્યારે સમુહ લગ્નનું આયોજન થાય છે ત્યારે જ્ઞાતિજનોએ લાભ લેવો જોઈએ. ખાસ સંજોગો સિવાય ઘેર લગ્ન ટાળવા જોઈએ.

# પ્રાંતિજમાં મહિલાના ગળામાંથી ચેઈન તોડવાનો નિષ્ફળ પ્રયાસ

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજના હાર્દ સમા એપ્રોચરોડ ઉપર આવેલ શિવમ્ સોસાયટીના ગેટ ઉપરથી રાત્રીના સમયે અંધારાનો લાભ લઈ ચેઈન ચોર દ્વારા બાઈક ઉપર આવી ચેઈન તોડી ભાગતાં ચેઈન નીચે પડી જતાં ચેઈન બચી ગઈ હતી. મહિલાએ તાત્કાલિક બુમાબુમ કરી દેતાં સોસાયટીના રહીશો તથા ત્યાંથી પસાર લોકો દોડી આવ્યાં હતા.

પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર આવેલ શિવમ્ સોસાયટીના ગેટ બહાર રાત્રીના સમયે સોસાયટીમાં રહેતા કૈલાસબેન નાનજીભાઈ કચ્છી પટેલ કે જેવો નિયત સમય પ્રમાણે સોસાયટીની બહાર આવેલ ચાટમાં શ્વાનો માટે ખોરાક મુકતા હતા. તે સમયે અંધારાનો લાભ લઈને કોઈ અજાણ્યો પલ્સર બાઈક ચાલક બાઈક લઈને આવીને સોસાયટીની મહિલા કૈલાસબેન નાનજીભાઈ પટેલ કે જેવો ચાટમાં ખોરાક નાંખી રહ્યાં હતાં તે સમયે તેમના ગળામાં રહેલ ચેન તોડી ભાગતાં ચેન નીચે પડી ગઈ હતી. એકાએક ગભરાયેલા કૈલાસબહેને બુમાબુમ કરી દેતાં બાઈક ચાલક બાઈક લઈને જીવ બચાવી ઉભી પુંછડીએ ભાગ્યો હતો. સોસાયટીના રહીશો તથા ત્યાંથી અવર જવર કરતાં લોકો દોડી આવ્યા હતા. તંત્ર દ્વારા સોસાયટીની બહાર લાખ્ખો રૂપિયાના ખર્ચે ઉભી કરવામાં આવેલ સ્ટ્રીટ લાઈટો હાલ તો છેલ્લા આઠ મહિનાથી શોભાના ગાંઠીયા સમાન છે. અને રોડ ઉપર તથા સોસાયટીના ગેટ ઉપર અંધારું રહેતાં આ વિસ્તારમાં આવેલ સોસાયટીના રહીશોએ અનેકવાર તંત્રમાં રજુઆતો કરવા છતા તંત્રના બહેરા કાને રજુઆતો સંભળાતી ના હોય તેવુ હાલ તો લાગી રહ્યુ છે.

# ન્યૂ પ્રોગ્રેસિવ બી.એડ. કોલેજમાં સર્જક ઈશ્વર પેટલીકર આધારીત પ્રદર્શન અને પરિસંવાદ યોજાયો

મહેસાણા, તા. ૨૭

ગુજરાત સાહિત્ય અકાદમી અને ધી ન્યૂ પ્રોગ્રેસિવ કોલેજ ઓફ ટીચર્સ એજ્યુકેશન, મહેસાણા આયોજિત 'સર્જક' ઈશ્વર પેટલીકર પ્રદર્શન અને પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું. પ્રદર્શનના ઉદ્‌ઘાટક અને અધ્યક્ષ તરીકે ડૉ. કેશુભાઈ દેસાઈ (પૂર્વ ચેરમેન, ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ), એ ઈશ્વર પેટલીકરના જીવન અને સાહિત્યની વિવેચના કરી હતી. વક્તા તરીકે ડૉ. વિનાયક રાવલ (તંત્રી, કલા વિમર્શ)એ ઈશ્વર પેટલીકર વિશે પોતાની આગવી શૈલીમાં ઈશ્વર પેટલીકરની નવલકથાઓમાં વ્યક્ત થતા મનોભાવોની વિસ્તૃત છણાવટ કરી હતી. ઉપસ્થિત વક્તા ડૉ. રાજેશ મકવાણા (એગ્રો, પ્રોફેસર, મ્યુ. આર્ટસ કોલેજ, મહેસાણા)એ ઈશ્વર પેટલીકરની નવલીકાઓનું તાદશ્ય વર્ણન કર્યુ હતુ. વક્તા ડૉ. નવનીત જાની(વાર્તાકાર)એ ઈશ્વર પેટલીકરનાં રેખાચિત્રોમાં ગ્રામ્ય સંસ્કૃતિનું આબેહૂબ વર્ણન કરી સાહિત્યની આલોચના કરી હતી.

# નારસોલી ધામમાં એકલિંગજી દાદાના મંદિરમાં ભાગવત કથાકાર રમેશભાઈ ઓઝાની પધરામણી

ભિલોડા, તા.૨૭

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના નારસોલી ગામમાં એકલિંગજી દાદાના નિર્માણાધિન મંદિરમાં શ્રીમદ્ ભાગવત કથાકાર પરમ પુજ્ય રમેશભાઈ ઓઝા (ભાઈશ્રી)ની પાવન પધરામણી કરી ભાવિક ભક્તોને આશીર્વચન પાઠવ્યા હતા. ભાવિક ભક્તોને ભક્તિમય રસપાન કરાવતાં ભાવિક લોકપ્રિય પરમ પુજ્ય રમેશભાઈ ઓઝા (ભાઈશ્રી)એ પ્રાસંગિક પ્રવચન દરમ્યાન જણાવ્યું હતું કે માણસ હારી ગયો હોય અને નિરાશ થયો હોય તો તેની બેટરી ચાર્જ કરવા માટે મંદીર છે. ઈશ્વરનું નામ રટવાથી સમસ્યાનું સમાધાન મંદીરમાંથી મળે છે. વ્યક્તિના શરીરમાં હૃદય અને મસ્તક બંન્ને છે. ગામમાં નિશાળ છે તે મગજ છે પણ મંદિર છે તે હૃદય ભક્તિમય રસપાન કરાવ્યું હતું. બ્રાહ્મણોને રાજી કરો એટલે લાભ તો થાય જ તેમ કહી વિશેષમાં જણાવ્યું હતું કે અરવલ્લીની ગીરીમાળાઓની લીલીછમ પ્રકૃતિ અને સૌદર્યના ભરપુર વખાણ કર્યા હતા.

શ્રી એકલિંગજી ટ્રસ્ટ, નારસોલી પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી, સહમંત્રી, ટ્રસ્ટીઓ, કારોબારી





ભક્તો પ્રવચન દરમ્યાન ભક્તિમાં તલ્લીન બની ગયા હતા. ભાવિક ભક્તોમાં આનંદની લાગણી પ્રસરી હતી. શ્રીમદ્ ભાગવત કથાકાર પરમ પુજ્ય રમેશભાઈ ઓઝા(ભાઈશ્રી)ના વરદ્ હસ્તે શ્રી એકલિંગજી ટ્રસ્ટની પુસ્તિકાનું વિમોચન કરાયું હતું.

નારસોલી ધામમાં કૈલાશભુમિ,શિવભુમિ શ્રી એકલિંગજી દાદાનું મંદિર કરોડો રૂપિયાના ખર્ચે ભવ્યાતિભવ્ય નિર્માણ પુરજોશમાં થઈ રહ્યું છે ત્યારે આશીર્વચન આપવા શ્રીમદ્ ભાગવત કથાકાર ભાવિક ભક્તોમાં છે.પહેલાના જમાનામાં ગુરૂના રૂપમાં શિક્ષકને જોવાતો હતો.અત્યારે તે ભુલાયું છે. તેનું ઉદાહરણ ટાંક્યું હતું.શિવજી અને પાર્વતીજીનો ધાર્મિક મહિમા વર્ણવ્યો હતો. એકલિંગજી દાદાનું મંદિર કાર્ય ઝડપથી પુર્ણ થાય તેવા આશીર્વચન અને શુભાશિષ પાઠવ્યા હતા.

બ્રાહ્મણો લાખ્ખોમાં દાન આપે એ સાંભળીને પણ મજા આવે એક સમય એવો હતો કે બ્રાહ્મણો રૂપિયાની પાછળ ન હતા પરંતુ શિવજીની કૃપાથી મંદિરનું કાર્ય પરીપુર્ણ થશે દાતાઓ ઉદાર હાથે દાન આપે તેમ કહી ભાવિક ભક્તોને સભ્યો, સેવાભાવી કાર્યકરો, ગ્રામજનો, સમસ્ત ભુદેવોએ જણાવ્યું હતું કે નારસોલી ગામમાં એકલિંગજી દાદાનું ભવ્યાતિભવ્ય મંદિર પુનઃનિર્માણ કાર્ય પુરજોશમાં ચાલી રહ્યું છે ત્યારે અંદાજીત ટુંકાગાળામાં કામકાજ સંપુર્ણપણે પરીપુર્ણ થશે ધામધુમથી એકલિંગજી દાદાના નવિન મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા યોજાશે તેમ જણાવ્યું હતું. ભાવિક ભકતોએ દર્શન કરી પ્રસાદી મેળવી ધન્યતા અનુભવી હતી. આગામી આયોજનો પાઠશાળા બનાવવી,ગૌશાળા બનાવવાના ભગીરથ પ્રયાસો હાથ ધરાયા છે.



## જાહેર નિવિદા

સ્વજલધારા NRDWP યોજના અંતર્ગત રાજપુર જળ અને સ્વચ્છતા સમિતિ તા. મેઘરજ, જી. અરવલ્લી મુકામે નીચે મુજબના કામો કરવા માટે પા.પુ.ગ.વ્ય. બોર્ડ / સ્વજલધારાની કામગીરીના અનુભવી અને ઈ-૨ ઉપરના વર્ગની માન્યતા ધરાવત ઠેકેદારો પાસેથી રજી.પો.એ.ડી.થી ટેન્ડર મંગાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. | વિતરણ પાઈપ લાઈન ૯૦/૭૫ મી.મી. ૧૮૫૦/૧૧૯૫ મીટર લેબરકામ (વાદી ફળી) | ૪૯૦૧૦૮.૯૧ |
| ૨. | વિતરણ પાઈપ લાઈન ૯૦/૭૫ મી.મી. ૨૧૫૦/૯૮૫ મીટર લેબરકામ (કેનાલ ફળી) | ૪૯૫૪૧૦.૬૬ |
| ૩. | ઘર જોડાણ ૧૪૬ નંગ | ૧૪૬૦૦૦.૦૦ |

પ્રત્યેક એક ટેન્ડરની ફી રૂ. ૬૦૦/- છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ ૩/૩/૨૦૧૮ છે. એજન્સીએ રજીસ્ટ્રેશનની નકલ તથા અનુભવનું પ્રમાણપત્ર રજૂ કર્યેથી ટેન્ડર ઈસ્યુ કરવામાં આવશે. ટેન્ડર ભરીને મોકલવાની તારીખ ૭/૩/૨૦૧૮ છે. તથા ટેન્ડર ખોલવાની તારીખ ૮/૩/૨૦૧૮ છે. ટેન્ડર સાથે બાનાની રકમ પેટે ટેન્ડર રકમના ૧% રકમનો એફ.ડી.આર. / ડી.ડી. / બાનામુક્તિ પ્રમાણપત્ર અધ્યક્ષશ્રી રાજપુર જળ અને સ્વચ્છતા સમિતિના નામનો મોકલવાનો રહેશે. કોઈપણ કારણ આપ્યા વગર ટેન્ડર મંજુર કે રદ કરવાનો અબાધિત અધિકાર સમિતિનો રહેશે.

**ટેન્ડર મોકલવાનું સરનામું**
**રાજપુર જળ અને સ્વચ્છતા સમિતિ**
**તાલુકો - મેઘરજ, જીલ્લો - અરવલ્લી**

## જાહેર નિવિદા

સ્વજલધારા NRDWP યોજના અંતર્ગત સેંદર્યો જળ અને સ્વચ્છતા સમિતિ તા. મેઘરજ, જી. અરવલ્લી મુકામે નીચે મુજબના કામો કરવા માટે પા.પુ.ગ.વ્ય. બોર્ડ / સ્વજલધારાની કામગીરીના અનુભવી અને ઈ-૨ ઉપરના વર્ગની માન્યતા ધરાવત ઠેકેદારો પાસેથી રજી.પો.એ.ડી.થી ટેન્ડર મંગાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. | વિતરણ પાઈપ લાઈન ૯૦/૭૫ મી.મી. ૧૭૦૦/૬૭૦ મીટર લેબરકામ (ડામોર ફળી) | ૪૬૧૧૨૫.૩૧ |
| ૨. | વિતરણ પાઈપ લાઈન ૯૦/૭૫ મી.મી. ૧૬૮૫/૬૭૫ મીટર લેબરકામ (સોમારૂપા ફળી) | ૪૬૦૧૧૭.૯૭ |
| ૩. | વિતરણ પાઈપ લાઈન ૯૦/૭૫ મી.મી. ૧૬૧૫/૬૯૫ મીટર લેબરકામ (નમરા ફળી) | ૪૪૫૭૦૪.૧૫ |
| ૪. | ઘર જોડાણ ૩૧ નંગ | ૩૧૦૦૦.૦૦ |

પ્રત્યેક એક ટેન્ડરની ફી રૂ. ૬૦૦/- છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ ૩/૩/૨૦૧૮ છે. એજન્સીએ રજીસ્ટ્રેશનની નકલ તથા અનુભવનું પ્રમાણપત્ર રજૂ કર્યેથી ટેન્ડર ઈસ્યુ કરવામાં આવશે. ટેન્ડર ભરીને મોકલવાની તારીખ ૭/૩/૨૦૧૮ છે. તથા ટેન્ડર ખોલવાની તારીખ ૮/૩/૨૦૧૮ છે. ટેન્ડર સાથે બાનાની રકમ પેટે ટેન્ડર રકમના ૧% રકમનો એફ.ડી.આર. / ડી.ડી. / બાનામુક્તિ પ્રમાણપત્ર અધ્યક્ષશ્રી સેંદર્યો જળ અને સ્વચ્છતા સમિતિના નામનો મોકલવાનો રહેશે. કોઈપણ કારણ આપ્યા વગર ટેન્ડર મંજુર કે રદ કરવાનો અબાધિત અધિકાર સમિતિનો રહેશે.

**ટેન્ડર મોકલવાનું સરનામું**
**સેંદર્યો જળ અને સ્વચ્છતા સમિતિ**
**તાલુકો - મેઘરજ, જીલ્લો - અરવલ્લી**

## જાહેર નિવિદા

સ્વજલધારા NRDWP યોજના અંતર્ગત બાંઠીવાડા (છા)જળ અને સ્વચ્છતા સમિતિ તા. મેઘરજ, જી. અરવલ્લી મુકામે નીચે મુજબના કામો કરવા માટે પા.પુ.ગ.વ્ય.બોર્ડ/સ્વજલધારાની કામગીરીના અનુભવી અને ઈ-૨ ઉપરના વર્ગની માન્યતા ધરાવત ઠેકેદારો પાસેથી રજી.પો.એ.ડી.થી ટેન્ડર મંગાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. | વિતરણ પાઈપ લાઈન ૯૦/૭૫ મી.મી. ૧૭૪૫/૭૬૦ મીટર લેબરકામ (જેમાણા ફળી) | ૩૩૩૨૧૪.૫૯ |
| ૨. | વિતરણ પાઈપ લાઈન ૯૦/૭૫ મી.મી. ૧૫૯૦૮૭૫ મીટર લેબરકામ (ખાંટ ફળી છાપરીયા) | ૩૩૨૩૧૨.૭૮ |
| ૩. | વિતરણ પાઈપ લાઈન ૯૦/૭૫ મી.મી. ૧૬૬૫/૮૦૫ મીટર લેબરકામ (ડાયાજેશા ફળી છાપરીયા) | ૩૨૮૮૬૦.૭૩ |
| ૪. | ઘર જોડાણ ૨૩૦ નંગ | ૨૩૦૦૦૦.૦૦ |

પ્રત્યેક એક ટેન્ડરની ફી રૂ. ૬૦૦/- છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ ૩/૩/૨૦૧૮ છે. એજન્સીએ રજીસ્ટ્રેશનની નકલ તથા અનુભવનું પ્રમાણપત્ર રજૂ કર્યેથી ટેન્ડર ઈસ્યુ કરવામાં આવશે. ટેન્ડર ભરીને મોકલવાની તારીખ ૭/૩/૨૦૧૮ છે. તથા ટેન્ડર ખોલવાની તારીખ ૮/૩/૨૦૧૮ છે. ટેન્ડર સાથે બાનાની રકમ પેટે ટેન્ડર રકમના ૧% રકમનો એફ.ડી.આર. / ડી.ડી. / બાનામુક્તિ પ્રમાણપત્ર અધ્યક્ષશ્રી બાંઠીવાડા (છા) જળ અને સ્વચ્છતા સમિતિના નામનો મોકલવાનો રહેશે. કોઈપણ કારણ આપ્યા વગર ટેન્ડર મંજુર કે રદ કરવાનો અબાધિત અધિકાર સમિતિનો રહેશે.

**ટેન્ડર મોકલવાનું સરનામું**
**બાંઠીવાડા (છા) જળ અને સ્વચ્છતા સમિતિ**
**તાલુકો - મેઘરજ, જીલ્લો - અરવલ્લી**

## જાહેર નિવિદા

સ્વજલધારા NRDWP યોજના અંતર્ગત લાખાપુર જળ અને સ્વચ્છતા સમિતિ તા. મેઘરજ, જી. અરવલ્લી મુકામે નીચે મુજબના કામો કરવા માટે પા.પુ.ગ.વ્ય. બોર્ડ / સ્વજલધારાની કામગીરીના અનુભવી અને ઈ-૨ ઉપરના વર્ગની માન્યતા ધરાવત ઠેકેદારો પાસેથી રજી.પો.એ.ડી.થી ટેન્ડર મંગાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. | વિતરણ પાઈપ લાઈન ૯૦/૭૫ મી.મી. ૧૨૫૫/૫૭૦ મીટર લેબરકામ (ધોલાપના) | ૪૩૭૭૨૫.૩૬ |
| ૨. | વિતરણ પાઈપ લાઈન ૯૦/૭૫ મી.મી. ૧૨૧૦/૫૧૦ મીટર લેબરકામ (પાતરા ફળી) | ૪૦૪૨૯૯.૮૬ |
| ૩. | વિતરણ પાઈપ લાઈન ૯૦/૭૫ મી.મી. ૧૨૧૦/૫૧૦ મીટર લેબરકામ (ડામોર ફળી) | ૪૪૨૩૩૨.૭૪ |
| ૪. | ઘર જોડાણ ૧૩૧ નંગ | ૧૩૧૦૦૦.૦૦ |

પ્રત્યેક એક ટેન્ડરની ફી રૂ. ૬૦૦/- છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ ૩/૩/૨૦૧૮ છે. એજન્સીએ રજીસ્ટ્રેશનની નકલ તથા અનુભવનું પ્રમાણપત્ર રજૂ કર્યેથી ટેન્ડર ઈસ્યુ કરવામાં આવશે. ટેન્ડર ભરીને મોકલવાની તારીખ ૭/૩/૨૦૧૮ છે. તથા ટેન્ડર ખોલવાની તારીખ ૮/૩/૨૦૧૮ છે. ટેન્ડર સાથે બાનાની રકમ પેટે ટેન્ડર રકમના ૧% રકમનો એફ.ડી.આર. / ડી.ડી. / બાનામુક્તિ પ્રમાણપત્ર અધ્યક્ષશ્રી લાખાપુર જળ અને સ્વચ્છતા સમિતિના નામનો મોકલવાનો રહેશે. કોઈપણ કારણ આપ્યા વગર ટેન્ડર મંજુર કે રદ કરવાનો અબાધિત અધિકાર સમિતિનો રહેશે.

**ટેન્ડર મોકલવાનું સરનામું**
**લાખાપુર જળ અને સ્વચ્છતા સમિતિ**
**તાલુકો - મેઘરજ, જીલ્લો - અરવલ્લી**